ક્રમાંક–૧૨

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**ગુરુવાર, તા.૧૮મી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૪, ૫, ૭ અને ૮ના મૌખિક જવાબ આપવામાં આવ્યા. ત્યારબાદ તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન અગ્રતાક્રમ ૯ ની ચર્ચા હાથ ધરવામાં આવી,

**૨. સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે.**

સભ્યશ્રી અમિત ચાવડાના પ્રશ્નનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આપી રહ્યા હતા ત્યારે શાસકપક્ષ અને વિપક્ષના સભ્યશ્રીઓએ સામસામા સૂત્રોચ્ચાર કરતાં અને માનનીય અધ્યક્ષશ્રીની વારંવારની વિનંતી છતાં સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશક્ય લાગતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહને બપોરના ૧.૦૦ વાગ્યા સુધી મુલતવી રાખ્યું.(બપોરના ૧૨.૪૮)

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ ૨, ૩ અને ૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૦ થી ૩૪૯ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**(મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૧.૦૦ વાગ્યે ફરી મળી)**

**૩. માનનીય અધ્યક્ષશ્રીનો આદેશ**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ આજની તારાંકિત પ્રશ્નોત્તરી દરમિયાન સભ્યશ્રી ઋત્વિક મકવાણાએ તેમના પ્રશ્નની રજૂઆત દરમિયાન વીર સાવરકર માટે ઉચ્ચારેલા વાંધાજનક શબ્દો અહેવાલમાંથી દૂર કરવાની રજૂઆત કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ ઉક્ત શબ્દો અહેવાલમાંથી દૂર કરવાની અને સભ્યશ્રીએ તેના આધાર-પુરાવા રજૂ કરવા અને જો તેમ કરવામાં કસૂર થાય તો તેમણે સભાગૃહમાં માફી માગવા જણાવ્યું.

**૪. વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત**

(૧) **જાહેર સાહસો માટેની સમિતિના અગિયારમા, બારમા, તેરમા અને ચૌદમા અહેવાલની રજૂઆત**

જાહેર સાહસો માટેની સમિતિના માનનીય પ્રમુખ ડો. નીમાબેન આચાર્યે સમિતિનો અગિયારમો, બારમો, તેરમો અને ચૌદમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

(૨) **સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના બીજા અને ત્રીજા અહેવાલની રજૂઆત**

સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના પ્રમુખશ્રી વલ્લભભાઇ કાકડીયાએ સમિતિનો બીજો અને ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

(૩) **અંદાજ સમિતિના ચોથા અહેવાલની રજૂઆત**

અંદાજ સમિતિના પ્રમુખશ્રી બાબુભાઇ બોખીરીયાએ સમિતિનો ચોથો અહેવાલ રજૂ કર્યો.

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**

ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૨, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૩ તથા જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૪ રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક– ૪૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯ અને ૨૦, માગણી ક્રમાંક–૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૮, ૨૯, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૫, ૪૭, ૪૮, ૪૯, ૫૦ અને ૫૨ અને માગણી ક્રમાંક– ૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૩, ૫૪ અને ૫૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પરેશ ધાનાણી(વિપક્ષના નેતાશ્રી) (૩) શ્રી અમિત ચાવડા
(૨) શ્રી હર્ષ સંઘવી (૪) શ્રી જેઠાભાઇ ભરવાડ

ત્યારબાદ ગૃહ વિભાગની ચર્ચાનો જવાબ રાજ્યકક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપવાનું શરૂ કર્યું.

**૬. સભાત્યાગ**

માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા ગૃહ વિભાગની માગણીઓનો જવાબ આપી રહ્યા હતા ત્યારે તેમના જવાબથી અસંતોષ વ્યક્ત કરી વિપક્ષના નેતાશ્રી સાથે વિપક્ષના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા સભાત્યાગ કરી ગયા.

**૭. માનનીય અધ્યક્ષશ્રીનો આદેશ**

**સભ્યશ્રીને સભાગૃહમાંથી દૂર કરવા અંગે**

સભ્યશ્રી જીજ્ઞેશકુમાર મેવાણીએ પોતાના સ્થાનેથી સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડતાં, સભાગૃહમાં શાંતિ જાળવવાની અધ્યક્ષશ્રી દ્વારા વારંવાર અપીલ કરવા છતાં, સભ્યશ્રી જીજ્ઞેશકુમાર મેવાણીએ પોતાના સ્થાન ઉપર ઊભા રહી સભાગૃહમાં ખલેલ પહોંચાડવાનું ચાલુ રાખતાં, તેમને સભાગૃહમાંથી બહાર લઇ જવાનો સાર્જન્ટને આદેશ આપ્યો.

**૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ ગૃહ વિભાગની ચર્ચાનો અધૂરો રહેલ જવાબ રાજ્યકક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક- ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૮, ૨૯, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૫, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૫૩, ૫૪ અને ૫૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૪૨, ૪૩ અને ૪૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**(વિરામ બપોરના ૨.૨૯ થી ૩.૦૦)**

**૯. બિન-સરકારી કામકાજ**

**બિન-સરકારી વિધેયકો**

**(૧) દાખલ કરવાના બિન-સરકારી વિધેયક**

(૧) સભ્યશ્રી જગદીશ વિશ્વકર્માએ સન ૨૦૨૧નું ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૨) સન ૨૦૨૧નું ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઇવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયક – માનનીય સભ્યશ્રી બાબુભાઇ પટેલ ગેરહાજર.

(૩) સન ૨૦૨૧નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક – માનનીય સભ્યશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ ગેરહાજર.

**(૨) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન-સરકારી વિધેયકો**

૧. સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૧૯નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક- માનનીય સભ્યશ્રી પૂર્ણેશ મોદી ગેરહાજર.

૨. સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૮-સન ૨૦૧૯નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક- માનનીય સભ્યશ્રી રમણભાઇ પટેલ ગેરહાજર

૩. સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૧૮નું ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયક- માનનીય સભ્ય ડો. નીમાબેન આચાર્ય ગેરહાજર.

૪. સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૯-સન ૨૦૧૯નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયક- માનનીય સભ્યશ્રી અરવિંદભાઇ પટેલ ગેરહાજર.

**સભાગૃહ, શુક્રવાર તા.૧૯મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૩.૦૩ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૮મી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**